dakshinayan દક્ષિણાયન
UNIVERSITY NEWS LETTER
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
September 2014 For private circulation only Vol. 06 - Issue 138

હે ઈશ્વર ! આ મહાવિદ્યાલયને એવું બનાવ કે જે સ્વતંત્રતાનો જાપ આપણે રાતદિવસ જપીએ છીએ તે સ્વતંત્રતા તેની અંદરથી મળો. અને એ સ્વતંત્રતાથી એકલું હિંદુસ્તાન જ નહીં, પણ જેમાં હિંદુસ્તાન એક બિંદુમાત્ર છે તે આખું જગત સુખી થાઓ.

**મો.ક. ગાંધી**

**(ગુજરાત વિદ્યાપીઠના મહાવિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે : ૧૯૨૦)**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

'અંચલ'
ભૂલ ગએ !

ગીત તુમ્હારે ગાતે-ગાતે તુમકો હી ભૂલ ગએ !
યાદ હમેં જયનાદ તુમ્હારા, પર હમ તૂમકો ભૂલ ગએ,
શપથ તુમ્હારી ખાતે-ખાતે હમ તુમકો હી ભૂલ ગએ.
પૂજા કા પાષાણ બનાકર હમને તુમકો રખ છોડા,
મંદિર મેં અગણિત પથ્થર થે, એક અધિક ઉનમેં જોડા;
મંદિર મેં ઠહરાયા તુમકો, હમ પાપોં મેં ઝૂલ ગએ.
સાથ તુમ્હારે સત્ય-અહિંસા કે દો જીવન-મૂલ ગએ,
ગીત તુમ્હારે ગાતે-ગાતે હમ તુમકો હી ભૂલ ગએ !

૨ જી ઓકટોબર, ગાંધી જયંતી

ના, અમે ગાંધીને નથી ભૂલ્યા. એને ભુલવાથી એકલદોકલ વ્યકિત નહીં, એકાદ રાષ્ટ્ર નહીં પરંતુ સમગ્ર માનવજાત પથ ભટકી જાય. દુનિયાના ૫૩ નોબેલ પારિતોષિક વિજેતાઓએ એક નિવેદન ઉપર સહી કરી આજની ભોગવાદી સંસ્કૃતિને માનવભક્ષી ગણાવી સોયઝાટકીને કહ્યું ગાંધી વિચાર વિના દુનિયાને ઉગરવા આરો નથી. ગાંધી ભલે શરીર રૂપે આપણી વચ્ચે નથી પરંતુ એમના ઉન્નત વિચારો અને સદ્‌આચરણરૂપે આપણામાં જીવે છે. ગાંધીજીએ કહ્યું હતુંઃ

"હું મરીશ ત્યારે પણ થોડો જ શાંત થવાનો છું ! કબરમાં પડયો પડયો પણ હું જીવતો રહીશ. ત્યાંથી બોલતો પણ રહીશ. મર્યા પછી ય મારી શ્રધ્ધાની ઘોષણા કરતો રહીશ. કબરમાંથી ય મારી વાત સંભળાવતો રહીશ."

ગાંધીજીના વિચારો આત્મસાત્ ન કરવાની ભૂલ કોઈને પાલવે તેવી નથી. ગાંધીનું ધ્યેય સત્તા ન્હોતું પણ સમાજ-રાષ્ટ્રનું હિત હતું. કદાચ એટલા માટે જ નેલ્સન મંડેલા, દલાઈ લામા કે માર્ટિન લ્યૂથર કિંગ જેવી પ્રતિભાશાળી વ્યકિતઓએ ગાંધીઋણનો સ્વીકાર કર્યો છે. માત્ર ૨૫ વર્ષની ઉંમરે ગાંધીનો અવાજ દક્ષિણ આફ્રિકામાં, હિંદુસ્તાનમાં અને ઈંગ્લેન્ડમાં ગાજયો. "હું મથામણ કરવાવાળો સામાન્ય જીવ છું" એવું કહેનાર ગાંધી જીવનપર્યંત સત્યને વળગી રહયા. નૈતિકાને જ એમણે સર્વોપરી ગણી. આચરણને અગ્રતા આપી. સત્તા કે સંપત્તિનો લેશમાત્ર વિચાર મનમાં પ્રવેશવા ન દીધો. દીનહીનજનો સાથે તેમણે આત્મીયભાવ કેળવ્યો. અને તે સૌના ઉધ્ધાર માટે જે કંઈ કરવું જોઈએ તે કર્યું. સદાજાગ્રત કર્મયોગી ગાંધીએ રાષ્ટ્રશકિતને જાગ્રત કરી ક્રિયાન્વીત કરી પરિણામ સુધી પહોંચાડી. મા ભારતીના લલાટે ગુલામીનું જે કલંક હતું તે ભૂંસી સ્વતંત્રતાનો મુગટ પહેરાવ્યો. 'જીવનનો કલાધર' શીર્ષકથી ગાંધી વિશે લખાયેલા લેખમાં ઉમાશંકર જોશી લખે છે :

"ગાંધીજી આપણી વચ્ચે મનુષ્ય દેહે ધર્મ વિચરતો હોય એ રીતે જીવન જીવી ગયા." ધર્મના મર્મને જાણી ગયેલા ગાંધી એક ધર્મપુરૂષ હતા.

સત્ય, પ્રેમ, નિર્ભયતા, શ્રમ, સર્વોદય, અપરિગ્રહ, અહિંસા, શ્રધ્ધા, બંધુત્વ, સ્વદેશપ્રેમ, બ્રહમચર્ય, સ્વતંત્રતા, લોકશાહી, સ્વચ્છતા, સહકાર, શાંતિ, કેળવણી ..... કેટકેટલા વિષયો વિશે તેમણે પોતાના વિચારો વહેતા કર્યા છે. 'ખરી કેળવણી' શીર્ષક હેઠળ તેઓ લખે છે તે આજના સમયમાં ય કેટલું પ્રસ્તુત છે :

"આપણને ડિગ્રીનો ભારે મોહ છે. પરીક્ષામાં ઉત્તીર્ણ થવા ઉપર આપણા જીવનનો આધાર રાખીએ છીએ. આથી પ્રજાને ભારે નુકસાન થાય છે. 'ડિગ્રી' એ સરકારી નોકરિયાત વર્ગને જ કામની છે એ આપણે ભૂલી જઈએ છીએ. પણ પ્રજાની ઈમારત કંઈ નોકરિયાત વર્ગ ઉપર ચણવાની નથી."

ઈ.સ. ૧૯૨૭માં બિહાર વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં ભાષણ આપતાં ગાંધીએ કહયું હતું :

"હીરાની ખાણો ખોદતા પથ્થરના ડુંગરા નીકળે છે અને અથાગ પરિશ્રમ પછી એકાદ હીરો નીકળે છે. દક્ષિણ આફ્રિકામાં હીરાની ખાણમાં ધૂળ અને પથ્થરના મોટા પહાડ પડયા હતા. કરોડોનો ખર્ચ એના ઉપર થઈ ચૂકયો હતો અને તેને અંતે લાખો મણ ધૂળ નીકળ્યા પછી બેચાર શેર હીરા નીકળે તો ભાગ્ય ! પણ એ ખાણવાળાનો મનોરથ તો અનુપમ હીરો કાઢવામાં હતો. મનુષ્યની ખાણ પર પણ કરોડો ખર્ચીને આપણે ખોબા જેટલાં રત્નો કાઢી શકીએ, તો કેવું સારું ! એ રત્નો ઉત્પન્ન કરવાના ભાવથી જ આ વિદ્યાપીઠ ચાલવી જોઈએ."

શિક્ષણસંસ્થા સાથે અભિન્નપણે જોડાયેલા આપણે સૌ એ માનવરત્નો નિપજાવવાના પ્રયત્નોને વેગવંતા બનાવવા જોઈએ. ગુણવંતરાય આચાર્યના વિચારો ફરી ફરીને વાંચવા, વાંચીને વિચારવા જેવા છે :

"એક મહાન માનવી તો માત્ર માર્ગ બતાવી શકે, દીવાદાંડી બની શકે. હજારો નાનાંમોટાં સફરી જહાજો એ દીવાદાંડીથી સચેત બનીને ઘૂમે ત્યારે જ દેશ મહાન થાય."

તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## WORKSHOP









યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ તથા ડાયરેકટર ઓફ સેન્સસ ઓપરેશન્સ, ગુજરાતના સંયુકત ઉપક્રમે ૫ મી સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ 'વસ્તી ગણતરી - ૨૦૧૧'ની માહિતી પ્રચાર-પ્રસાર વિષય પર એક દિવસીય કાર્યશાળાનું આયોજન એચ.આર.ડી. વિભાગના સેમિનાર હોલમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળામાં શ્રી એસ.ડી. ભાઈસરે, (જોઈન્ટ ડાયરેકટર ઓફ સેન્સસ ઓપરેશન્સ, ગુજરાત) દ્વારા સેન્સસ-૨૦૧૧ વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. શ્રી મંગેશ એસ. કુંભારે (સ્ટેટિસ્ટીકલ ઈન્વેસ્ટીગેટર) દ્વારા સેન્સસ - ૨૦૧૧ની માહિતીના પ્રચાર-પ્રસારની માહિતી પુરી પાડવામાં આવી હતી. આ ઉપરાંત ડૉ. સંચિતા સરકાર (આસિસ્ટન્ટ ડાયરેકટર, ડી.સી.ઓ., ગુજરાત) દ્વારા સેન્સસ-૧૧માં ઘરવિહોણી વસ્તીની વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. કાર્યશાળામાં કુલ ૧૧૦ જેટલા ડેલીગેટસે ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં મુખ્ય મહેમાન તરીકે (કોલેજ ડેવલોપમેન્ટ કાઉન્સિલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડીન) ડૉ. કિરણ પંડયા તથા અતિથિ વિશેષ તરીકે રજીસ્ટ્રાર ડૉ. જે.આર. મહેતા ઉપસ્થિત રહયા હતા. આ કાર્યશાળામાં યુનિવર્સિટી સંલગ્ન કોલેજના અધ્યાપકો દ્વારા દસ જેટલા સંશોધન પત્રો રજુ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન અને કાર્યશાળાના કો. ઓર્ડિનેટર તરીકે વિભાગના વડા ડૉ. એસ. શ્રી નિવાસા રાવે સેવા આપી હતી તથા કાર્યક્રમનું સંચાલન પ્રોફે. ડૉ. ગૌરાંગ રામીએ કર્યું હતું.

## કાર્યશિબિર





માનવ સંસાધન વિકાસ વિભાગમાં ગ્રોથ પાથ-ધ રોડ અહેડ-ઈટ ઈઝ ઓલ અબાઉટ હેબીટ્સ પર એક દિવસીય કાર્યશિબિર યોજવામાં આવ્યો હતો. આ કાર્યશિબિર નેશનલ એચ.આર.ડી. નેટવર્ક સાઉથ ગુજરાતનાં સહયોગમાં  ૨૨મી ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ યોજાયો હતો. શ્રી હિમાંશુભાઈ ભટ્ટ નેશનલ એચ.આર.ડી. નેટવર્કનાં પ્રમુખ છે, તેમણે આ કાર્યશિબિરમાં તજજ્ઞ તરીકે સેવા આપી હતી. તેઓએ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠતા કેળવવા તત્પર રહેવા સમજાવ્યું હતું. આ શ્રેષ્ઠતા કેળવવા માટે સારી ટેવો અને ખરાબ ટેવોનો પરિચય આપી, આ વિશેનો ભેદ સમજાવ્યો હતો. આ કાર્યશિબિર દરમિયાન વિદ્યાર્થીઓ પાસે વિવિધ જૂથ પ્રવૃતિઓ પણ કરાવી હતી. આ કાર્યશિબિરથી વિદ્યાર્થીઓને ઘણો લાભ થયો અને તેઓએ પોતાની કેટલીક ખરાબ ટેવો, છોડવાની પ્રતિજ્ઞા પણ લીધી.

## મુલાકાત

સુપ્રસિધ્ધ કવિ, નાટયકાર અને સાહિત્ય અકાદમી, દિલ્હીના કન્વિનરશ્રી સિતાંશુ યશચંદ્ર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા. કચ્છથી લઈને મુંબઈ સુધી ફેલાયેલ ભૂ-ભાગમાં ભાષા અને સાહિત્યનું સંવર્ધન થાય તે માટેના સેન્ટર ખોલવાની દરખાસ્ત સાથે કુલપતિ દક્ષેશ ઠાકર સાથે મિટિંગ કરી હતી. મહાકવિ પ્રેમાનંદને કેન્દ્રમાં રાખીને એક મહા-યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું. ગુજરાતી વિભાગમાં ભરચક હોલમાં સિતાંશુ યશચંદ્રએ કવિતાના મર્મ સુધી પહોંચવાના રસ્તા બતાવવાની સાથે વિવિધ અવરોધોથી કેમ બચવું અને જીવનમાં સતત આંદોલિત રહેવાની વાત મનનીય રીતે મૂકી આપી. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વિવિધ વિભાગના અધ્યાપકો ઉપસ્થિત રહયાં હતાં. કાર્યક્રમનું આયોજન ડૉ. નરેશ શુકલાએ કર્યું. કવિનો પરિચય ડૉ. શરીફ વીજળીવાળાએ, આભારવિધિ ડૉ. જશુ પટેલે અને સંચાલન ડૉ. પન્ના ત્રિવેદીએ કર્યું હતું.

## સ્પર્ધા

તા.૨૩/૮/૧૪નાં રોજ સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સમાં યોજાયેલ ઈન્ટર કોલેજ ફીઝીકસ કવીઝ કોમ્પીટીશનમાં

ભૌતિકશાસ્ત્ર વિભાગની ટીમે દ્વિતીય સ્થાન હાંસલ કરેલ છે. ટીમ : ૧) શ્રી વઘાસીયા તુષારકુમાર, ૨) કુ. રાવલ નેહાબેન.

## એવોર્ડ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. એ.એન. માલવીયાની વર્ષ ૨૦૧૩-૧૪ માટે રાજ્યકક્ષાનો રાષ્ટ્રીય સેવા યોજના એવોર્ડ માટે રાષ્ટ્રીય સેવા યોજના સેલ, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગર, ગુજરાત દ્વારા પસંદગી કરવામાં આવેલ છે. આ એવોર્ડ હેમચંદ્રચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે, રાષ્ટ્રીય સેવા યોજના દિનની ઉજવણી દરમ્યાન તા. ૨૪/૯/૧૪ના રોજ ભારત સરકારનાં કૌશલ્ય વિકાસ, ઉધ્યમ શિલતા, યુવા મામલે અને ખેલ મંત્રાલયના સચિવ, શ્રી રાજીવ ગુપ્તા, આઈ.એ.એસ. દ્વારા આપવામાં આવશે. આ સાથે યોજના સાથે સંકળાયેલ કોલેજનાં પ્રા. કે.સી. પટેલ, પ્રોગ્રામ ઓફિસર, શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ, અને સ્વયંસેવકો (શ્રી વિતાન વોરા, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ, કુ. વૈશાલી દેસાઈ, શ્રી વનરાજ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધરમપુર અને શ્રી યોગેશ ગોહિલ, જે.એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસર) ને પણ એવોર્ડ આપવામાં આવશે.

## શિક્ષક દિન

યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ૫/૯/૧૪ના રોજ શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. વિભાગના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું.

## કાર્યશાળા

યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના માસ્ટર ઓફ સોશ્યલ વર્ક પ્રોગ્રામ તેમજ જેન્ડર રિસોર્સ સેન્ટર અમદાવાદના સહયોગથી MSW ના Sem I & III ના વિદ્યાર્થીઓ માટે એક દિવસીય “ જેન્ડર સેન્સીટીવીટી” પર કાર્યશાળાનું આયોજન તા. ૨૭/૮/૧૪ના રોજ કરવામાં આવ્યું હતું કાર્યશાળાનું સંકલન પ્રા. રેખા એન.મિસ્ત્રીએ કર્યુ હતું. પ્રો.અને વડા ડૉ.પરવેઝ અબ્બાસીએ જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. રજીસ્ટ્રારશ્રી ડૉ. જે.આર.મહેતા તથા યુનિવર્સિટીના વિવિધ વિભાગના વડાઓ હાજર રહયા હતા.

## JOB PLACEMENT

યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના માસ્ટર ઓફ સોશ્યલ વર્ક અભ્યાસક્રમના Sem IV 2014ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી દ્વારા Job Placement Campus Interviewનું આયોજન તા. ૨૧/૭/૧૪ રોજ કરવામાં આવ્યું હતું જેમાં ૬ વિદ્યાર્થીઓની પસંદગી થઈ હતી. કાર્યવાહીનું સંકલન પ્રા. શ્રીમતી રેખા એન.મિસ્ત્રીએ કર્યુ હતું. પ્રો.અને વડા ડૉ. પરવેઝ અબ્બાસીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## NET

યુનિવર્સિટીના એમ.એસસી. (આઈ.ટી.) પ્રોગ્રામના આસિ.પ્રોફેસર શ્રી શૈલેષ એ. ચૌધરીએ ગુજરાત સ્ટેટ એલીજીબિલીટી ટેસ્ટ સપ્ટેમ્બર ૨૦૧૩માં અને UGC દ્વારા ડિસેમ્બર ૨૦૧૩માં કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એપ્લીકેશન વિષયમાં લેવાયેલ NET ઉત્તિર્ણ કરેલ છે. અભિનંદન

## અનુદાન

રાષ્ટ્રીય ઉચ્ચત્તર શિક્ષણ અભિયાન (RUSA) Project મંજુરી બોર્ડ, નવી દિલ્હી તરફથી બારમા પ્લાન અંતર્ગત (વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૭) વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૭ માટે Infrastructure Component હેઠળ રૂા. ૨૦ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. આ ઘટક હેઠળ RUSA દ્વારા રૂા. ૧૦ કરોડ વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે યુનિવર્સિટીને ટુંક સમયમાં રીલીઝ કરવામાં આવશે. જે પૈકી (1) Constructon/Creation માટે Rs. 3.5 Crores અંતર્ગત હોસ્ટેલ, શૌચાલય, લેબોરેટરી માટે (2) Renovation/Upgradation માટે RS. 3 Crores અંતર્ગત વહીવટી બિલ્ડીંગ, કેમ્પસ વિકાસ, હોસ્ટેલ તેમજ શૌચાલયના માટે રીનોવેશન, લેબોરેટરી તેમજ લાઈબ્રેરીના રીનોવેશન, કલાસરૂમ/કેન્ટીન રીનોવેશન, અપગ્રેડીંગ કોમ્પ્યુટર સેન્ટર ઈ-કેમ્પસ, પ્લે ગ્રાઉન્ડ અપગ્રેડેશન માટે (3) Procurement માટે Rs. 3.5 Crore અંતર્ગત સ્પોર્ટસ, ફેસીલીટી, કોમ્પ્યુટરો, નવા બુકસ અને ઈ-જર્નલના નવા લવાજમ અંગે ફાળવવામાં આવેલ છે.

## આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

વર્ષ ૨૦૧૪ને યુનેસ્કો દ્વારા આંતરરાષ્ટ્રીય યર ઓફ ક્રીસ્ટલોગ્રાફી તરીકે જાહેર કરેલ છે. આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઈન્ટરનેશનલ યુનિયન ઓફ ક્રીસ્ટલોગ્રાફીએ આ ક્ષેત્રમાં થતી વિશ્વભરમાં પ્રવૃતિ અને સંશોધન સંલગ્ન કામગીરીનાં સંકલન કરતું મંડળ છે. આપણો દેશ તેમાં સભ્ય દેશ છે. યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી કિશોરભાઈ પોરીયા સભ્ય છે. આ વર્ષમાં મોનેટ્રેઈલ, કેનેડા ખાતે તા. ૫ થી ૧૨ ઓગષ્ટ દરમ્યાન યોજાયેલ કોન્ફરન્સ અને જનરલ એસેમ્બલીમાં પ્રોફેસર એન્ડ હેડ ડૉ. કિશોરભાઈ પોરીયાએ ભાગ લીધો હતો. વિશ્વભરમાંથી અંદાજે ૨૨૫૦ ટોચનાં વૈજ્ઞાનિકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં પ્રતિનિધિત્વ કરેલું હતું. ગુજરાતમાંથી ડૉ. પોરીયા એક માત્ર સભ્ય હતાં. કોન્ફરન્સમાં વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિકો તેમજ રસાયણશાસ્ત્રમાં નોબેલ પ્રાઈઝ મેળવનાર પ્રો. દાન શેચમેન-ઈઝરાયેલનું વ્યાખ્યાન ‘કિવાઝી-પીરીયોડીક ક્રીસ્ટલ:એ પેરેડાઈન શીફટ ઈન ક્રીસ્ટલોગ્રાફી’ વિષય પર યોજાયું હતું. આ ઉપરાંત સમાંતરે દરરોજ જુદા જુદા ૧૬ ક્ષેત્રોમાં થતાં સંશોધનની રજૂઆત કરવામાં આવી હતી. વિશ્વભરમાં થયેલ ક્રીસ્ટલોગ્રાફી પરની હરીફાઈઓ, કવીઝ, સેમિનાર વગેરેની વિગતો દર્શાવવામાં આવી હતી. વિશાળ ક્ષેત્રમાં એક ભવ્ય પ્રદર્શન તથા ક્રીસ્ટલોગ્રાફી પર તૈયાર થયેલ ફિલ્મ ‘ધ મીસ્ટ્રી ઓફ જાયન્ટ’ દર્શાવવામાં આવી હતી. પ્રો. પોરીયા દ્વારા તેમનાં બે સંશોધન પત્રોઃ (૧) ક્રીસ્ટલ ગ્રોથ એન્ડ ઓપ્ટીકલ ગ્રોથ એન્ડ ઓપ્ટિકલ કેરેકટરાઈઝેશન ઓફ થાયોયુરીયા સિંગલ ક્રીસ્ટલ અને (૨) ફીઝીકલ એનાલીસીસ ઓફ કીડની સ્ટોનસઃ મેટાબોલીક બેઝીઝ એન્ડ ફીઝીકલ પ્રેકટીસ. કોન્ફરન્સમાં રજુ કરવામાં આવ્યા હતાં. ડૉ. પોરીયાએ ૨૦૧૩માં હૈદરાબાદ ખાતે યોજાનાર આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ માટે મંડળનાં માજી પ્રમુખ પ્રો. દેથી રાજુ તથા ગુજરાતમાં નોબલ પ્રાઈઝ વિજેતાઓની સરકારશ્રી રાજ્ય કક્ષાએ વ્યાખ્યાનો યોજાય તો ગુજરાતમાં પધારવા અંગે મૌખિક ચર્ચાઓ કરી હતી. વિશ્વભરમાંથી આ ક્ષેત્રનાં સંશોધન માટે જરૂરી ઉપકરણો પ્રદર્શિત કરી તે અંગેની સમજ પસંદગીનાં ધોરણે “લંચ અને લર્ન“ દ્વારા આપવામાં આવી હતી. પ્રો. પોરીયા જુદી જુદી ત્રણ કંપનીઓનાં આ કાર્યક્રમમાં પસંદગી પામ્યા હતા. તથા વિશ્વભરમાં થયેલ પ્રવૃતિ સંબંધિત સાહિત્ય સાથે લાવ્યા છે જેને વિભાગમાં સંગ્રહિત કરવામાં આવેલ છે. રસ ધરાવતાં વ્યકિતઓ વિભાગની મુલાકાત માટે આમંત્રિત છે.

# કોલેજ ન્યૂઝ

## સ્વાતંત્ર્ય પર્વ

દેશના ૬૮મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી ભાવિ શિક્ષકોએ, ઉજવણી અને સ્વસજ્જતાના ભાગરૂપે સુપેરે પાર પાડી હતી. સ્વાંતત્ર્યપર્વની પૂર્વ સંધ્યાએ કોલેજની સફાઈ બાદ સહુ ૧૫મી ઓગષ્ટના દિવસે સવારે જીલ્લા કક્ષના સામૂહિક સ્વાતંત્ર્યદિવસ ઉજવણીમાં સહભાગી બન્યા હતા. કલેકટરશ્રીની અધ્યક્ષતામાં સંપન્ન થયેલ આ રંગારંગ રાષ્ટ્રીયપર્વના કાર્યક્રમમાં ઉદ્‌ઘોષક તરીકે આચાર્યશ્રી ડૉ. કિશોરભાઈ નાયકે યશસ્વી સેવા આપી હતી. ત્યારબાદ બી.વિ.કે. મંડળના નવનિયુકત પદાધિકારીઓની ઉપસ્થિતિમાં કોલેજ ખાતે હાથ ધરાયેલ કાર્યક્રમમાં રાષ્ટ્રપ્રેમને ઉજાગર કરતા ૧૭ જેટલાં રાષ્ટ્રીયગીતો સંગીતના સથવારે રજૂ કર્યા હતાં. તાલીમાર્થીઓએ દેશપ્રેમ આધારિત અર્થસભર નાટિકા રજૂ કરી હતી. મહેમાનોએ તાલીમાર્થીઓને વૃક્ષારોપણ માટે વૃક્ષના રોપાઓનું વિતરણ કર્યું હતું. જેને જે તે તાલીમાર્થીઓ પોતાના ગામમાં એ વૃક્ષને ઉછેરીને પોતાના બી.એડ્.ના અભ્યાસના વર્ષને યાદગાર બન્યા હતા. તાલીમાર્થીઓએ રાષ્ટ્રીયપર્વની ઉજવણીના ભાગરૂપે તૈયાર કરેલ ૧૩ જેટલા રાષ્ટ્રીયતાને કેન્દ્રમાં રાખી સુંદર રીતે તૈયાર કરાયેલ સાથિયાઓ નિહાળી મહેમાનોએ સહુને અભિનંદન આપ્યાં હતાં. બી.વિ.કે. મંડળના સેક્રેટરીશ્રી મુકેશભાઈ મહેતાએ કોલેજના વિકાસ માટે તમામ સહયોગની ખાત્રી આપી આચાર્યશ્રી અને સમગ્ર પરિવારને અભિનંદન આપ્યાં હતા. આ સમગ્ર કાર્યક્રમમાં સપ્તધારા અંતર્ગતની પ્રવૃતિનું સુકાન ડૉ. વિનોદભાઈ પટેલ, સામુદાયિક સેવાધારાનું સુકાન ડૉ. કલ્પેશભાઈ ટંડેલ, ગીતસંગીત નૃત્યધારાનું સંકલન પ્રા. શીતલ વસાવા તથા પ્રા. સ્નેહા ટેલરે, રંગકલા કૌશલ્ય ધારાની પ્રવૃતિનું સુકાન ડૉ. નમ્રતાબેન અને ડૉ. ગાયત્રી પટેલ સફળતાપૂર્વક સંભાળ્યું હતું. કાર્યક્રમની આભારવિધિ ડૉ. મનસુખભાઈ પટેલે કરી હતી.

વિશાળ સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, કર્મચારીઓ અને નગરજનોની હાજરીમાં વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજ સ્વાતંત્ર્યપર્વની ભવ્ય ઉજવણી કરી હતી. એન.સી.સી. ના કેડેટ્સ દ્વારા અપાયેલા ગાર્ડ ઓફ ઓનર ઝીલી લો કોલેજ, વલસાડના ડૉ.જે.ટી. દેસાઈએ ધ્વજારોહણ કર્યું હતું. આ પ્રસંગે બોલતા તેમણે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞાપત્રનો અર્થ સમજાવી દેશ પ્રતિ પ્રતિબધ્ધતા કેળવવા અનુરોધ કર્યો હતો. પ્રિ.ડૉ.જે.એમ.નાયકની દોરવણી હેઠળ અને.એસ.એસ., એન.સી.સી. તેમજ સ્પોર્ટ્સ સહિત વિશાળ સંખ્યામાં હાજર રહી વિવિધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રિ.ડૉ.જે.ટી.દેસાઈ, પ્રિ.ડૉ.પંકજ દેસાઈ, પ્રિ.ડૉ.બુટાણી તથા પ્રિ.ડૉ.પંકજ દેસાઈના હસ્તે ઈનામો વિતરીત કર્યા હતાં. પૂર્વે એન.સી.સી. તથા સ્પોર્ટ્સના વિદ્યાર્થીઓએ દેશભકિતના ગીતો રજૂ કરી સ્વતંત્રતા દિવસે ખૂબ જ પ્રોત્સાહક બનાવ્યો હતો.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્.,સુરતમાં ૧૫મી ઓગષ્ટ નિમિત્તે દેશભકિતગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈ.ચા. આચાર્ય ડૉ. દિલિપભાઈ પટેલ અને સર્વ અધ્યાપકમિત્રો ઉપસ્થિત રહયા હતા. ઘણી મોટી સંખ્યામાં તાલીમાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લઈ દેશદાઝથી ભરપૂર ગીતો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પટેલ કિંજલ એસ., દ્વિતીય ક્રમે બેલીમ ફાઈઝા એ અને તૃતીય સોન્ડાગર ફાલ્ગુની જે. વિજેતા જાહેર થયા હતા. નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડ અને પ્રા. વિશ્વાબેન દેસાઈએ અને ઉદ્‌ઘોષકની ભૂમિકા તાલીમાર્થીની મલેક સાજીદાએ ભજવી હતી.

વિવેકાનંદ કોલેજ ફોર બી.સી.એ., બી.કોમ., બી.બી.એ., સુરત અને બી.એડ્.ના સંયુકત ઉપક્રમે ૬૮મા સ્વાતંત્ર્ય પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ટ્રસ્ટી શ્રીમતી નીમાબેન જોષીના વરદ્‌હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદન કાર્યક્રમમાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી વિપુલભાઈ જોષી, શ્રીમતી નીમાબેન જોષી તથા શ્રી મેહુલભાઈ જોષી તથા તમામ ફેકલટીના ઈન્ચાર્જ આચાર્ય, અધ્યાપકગણ તથા બિનશૈક્ષણિક કર્મચારી ઉપસ્થિત રહયા હતા. વિદ્યાર્થીઓમાં દેશદાઝ, રાષ્ટ્રપ્રેમ અને દેશભાવના વિકસિત કરવાના હેતુથી વિદ્યાર્થીઓએ દેશભકિતગીત અને વકતવ્ય રજૂ કર્યા હતા. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શ્રી મેહુલભાઈ જોષી, શ્રીમતી નીમાબેન જોષી તથા આ કાર્યક્રમમાં ઉદ્‌ઘોષિકા તરીકે મલેક સાજિદાએ સેવા આપી હતી.

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના કોલેજ તથા શાળામાં ૧૫/૮/૧૪ના રોજ સ્વાતંત્ર્ય દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં યુનિવર્સિટીના કોમ્પ્યૂટર વિભાગના વડા. ડૉ. અપૂર્વ દેસાઈ ધ્વજારોહક તરીકે પધાર્યા હતા અને શાળા તથા કોલેજના વિદ્યાર્થીઓ તથા શિક્ષક ગણને સંબોધી સ્વતંત્ર્યદિનની શુભકામના પાઠવી હતી. ધ્વજવંદન કાર્યક્રમ બાદ સપ્તધારા હેઠળ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કિવઝ સ્પર્ધા, દેશ ભકિત ગીત સ્પર્ધા, ચિત્રકલા સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધા, સપ્તાધારાની અલગ અલગ પ્રવુતિઓ જેમકે સ્લોગન, ડોકયુમેન્ટરી ફિલ્મ, ચર્ચા સભા, વાદ વિવાદ સભા વકતવ્યો વિગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. તદ્‌ઉપરાંત આ દિવસે ડૉ. શ્રી બાબુભાઈ દેસાઈ, કુ. નેતનીંગ, તારાબેન દેસાઈ, નીરજભાઈ, યોગીરાજભાઈ વિગેરેએ વિદ્યાર્થીઓને રાષ્ટ્ર ઘડતર તથા એક ઈત્કૃષ્ટ ભાવિના ઘડતર માટેનું માર્ગદર્શન પાડયું હતું.

બી.કે.એમ.સાયન્સ, વલસાડમાં ૬૮મા સ્વાતંત્રપર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રભાતફેરીમાં બેટી બચાવો અને પર્યાવરણનું જતન કરતા પ્લેકાર્ડ પ્રભાતફેરીમાં દર્શાવાયા હતા. કોલેજ ખાતે આચાર્યશ્રી વિકાસ દેસાઈ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. પોતાના વકતવ્યમાં આચાર્યશ્રીએ વીર શહીદોને યાદ કરી તેમના બલીદાનની ઝાંખી કરવી હતી. ત્યાર બાદ ૮૦૦ વિદ્યાર્થીઓએ બેટી બચાવવા તથા પર્યાવરણનું જતન કરવા લીધી હતી અને પ્રતીજ્ઞાપત્રો ભર્યા હતા. કોલેજમાં શિક્ષણમાં પ્રથમ આવનાર, એન.સી.સી., એન.એન.એસ. તથા રમતગમત ક્ષેત્રમાં શ્રેષ્ઠ સ્થાન મેળવનાર ૩૦ વિદ્યાર્થીઓને ઈનામ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. એન.એન.એસ. દ્વારા કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આભારવિધિ ડૉ. ટી. જી. ગોહીલે કરી હતી. કાર્યક્રમનું આયોજન પ્રો. એ. જે. ગોયલ, ડૉ. જે. એમ. દેસાઈ, ડૉ. ટી. જી.ગોહીલ, ડૉ. અંજુ સોલંકી, ડૉ. એસ. એમ. પટેલ તથા પ્રો. એમ. બી. પટેલે કર્યુ હતુ.



તા.૧૮/૮/૧૪ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે ૬૮મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી સી.બી.એસ.સી. વાઈબ્રન્ટ સ્કુલ સાર્વજનિક વિદ્યાલય, ઉન્નતિ આશ્રમશાળા બી.આર.એસ કોલેજ તેમજ બી.એડ. કોલેજના સંયુકતક્રમે કરવામાં આવી હતી. જેમાં રામાનંદ મંદિરના અનીતાબેનના હાથે ધ્વજવંદન કરવામાં આવ્યું. તેમણે પ્રસંગેને અનુરૂપ પ્રવચન આપ્યું હતું.

એમિટી.બી.એડ્. કોલેજ, ભરૂચમાં ૬૮માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભરૂચ શહેરની ચેનલ નર્મદા અને જાણીતા પત્રકાર શ્રી નરેશભાઈ ઠકકર, સંસ્થાના સ્થાપક, મેનજીંગ ટ્રસ્ટીશ્રી રણછોડભાઈ શાહ, પ્રિન્સીપાલ ટ્રસ્ટીશ્રી પ્રમેશ મહેતા, સ્થાપક મિત્ર શ્રીમતી સંગીતા શાહ, નિયામક શ્રી પ્રકાશ મહેતા ઉપસ્થિત રહયા હતા. મુખ્ય મહેમાને તેમના વકતવ્યમાં ત્રણ પ્રકારની ક્રાંતિની દેશને જરૂર હોવાની તેમના મંતવ્યો જણાવ્યા હતાં. તેમાં તેમણે ૧). આર્થિક ક્રાંતિ, ૨). વૈચારિક ક્રાંતિ, ૩).વૈજ્ઞાનિક ક્રાંતિ લાવવા માટે ઉદાહરણ સહિત મંતવ્યો રજૂ કર્યા હતાં. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રણછોડ શાહે તેમના વકતવ્યમાં દેશમાં સ્વચ્છતા આવશે તો ખરા અર્થમાં આઝાદી આવશે અને તેની શરૂઆત પ્રથમ આપણાથી કરવાની છે એમ સમજાવી પ્રશિક્ષણાર્થીઓને આઝાદીના શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રશિક્ષણાર્થી પ્રિયંકાબેન અને પરિતાબેને કર્યું હતું. સ્વાગત પ્રવચન ઈ.પ્રાચાર્ય કલ્પેશ પટેલ, મહેમાનનું પુસ્તકથી સ્વાગત ટ્રસ્ટીશ્રી રણછોડ શાહ અને આભાર દર્શન સામાન્ય મંત્રી તુષારભાઈએ કર્યું હતું.

## ઊજવણી

શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં રક્ષાબંધનની ઉજવણી પ્રસંગે પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલયના બીલીમોરા સેન્ટરના સહસંચાલિકા બીકે. જ્યોતિબહેન, બીકે. ફાલ્ગુનીબહેન અને બીકે. નાનુભાઈને આવકારી પ્રસંગેની ઉચિત ભૂમિકા બાંધી જણાવ્યું હતું કે, રક્ષાબંધન શબ્દમાંના ''રક્ષા''નો અર્થ પોતેપોતાની જાતને વિકારોથી બચાવવાના અને ''બંધન''નો અર્થ પોતે સ્વીકારેલા સ્વધર્મની પ્રતિબધ્ધને વળગી રહેવાનો નિર્દેશ કરે છે. ત્યારબાદ બીકે. જ્યોતિબહેને ખૂબ અસરકારક રીતે આ ઉત્સવના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યને સ્પષ્ટ કરી આ રાખડીને પરમપિતા શિવની સોગાદ ગણાવી. પ્રત્યેક પાસે એક દુગર્ણ કે મર્યાદાને દૂર કરવાનો અને એક ઉપકારક ગુણ ધારણ કરવાનો સહુ પાસે સંકલ્પ કરાવ્યો હતો. સમગ્ર વિદ્યાર્થીવૃંદ અને શૈક્ષણિક સ્ટાફે રક્ષાબંધન કરાવી આ પર્વને પ્રેરક અને ચિરસ્મરણીય બનાવ્યું હતું.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ મોટાપોંઢાના N.S.S. યુનિટ દ્વારા મનોવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ દેગામ વાપી મુકામે રક્ષાબંધન પર્વની અપૂર્વ ઉજવણી થઈ. શ્રી મોહનભાઈએ એમનાં વકતવ્યમાં સંસ્થાનાં ઉમદા હેતુઓને બિરદાવ્યા હતા. પ્રાસંગિક ઉદબોધનમાં શ્રી આર. એલ. પટેલે સંસ્થાનાં સ્થાપકો તથા કર્મચારીઓની કામગીરીની વિશેષ નોંધ લીધી હતી. ટ્રસ્ટ પ્રત્યે આભાર સાથે મુલાકાતની લાગણી N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા ગોહિલે વ્યકત કરી હતી. કાર્યક્રમનું આયોજન પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા ગોહિલ, પ્રો. વી.એન.દેસાઈ, યુ.એમ.દેસાઈએ કર્યુ હતું.

સ્વામી નારાયણરૂપ બી. એડ્. કોલેજ, અંકલેશ્વરમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી પ્રસંગે ગુરૂવર્ય ગુરૂજી સ્વામીશ્રી નારાયણરૂપ દાસજી, સ્વામીશ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કૃષ્ણની બાળલીલા ભજનો ઉપરાંત ''રાધા ઢૂંઢ કિસીને મેરા શ્યામ દેખા'', ''અચ્યુતમ કેશવમ્ રામ દામોદરમ્'' ''યશોમતી મૈયા સે બોલે નંદલાલા'' જેવા અને શ્રી કૃષ્ણ ભગવાનના જીવનચરિત્ર્યનું વર્ણન અને રાસલીલાનું મહત્વ દર્શાવતા ભજનો તાલીમાર્થીઓએ રજુ કર્યા. બાદ પ્રાંગણમાં રાસની રમઝટ બોલાવી હતી અને અંતે મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી કૌશલભાઈ પારેખે શ્રી કૃષ્ણ ભગવાનનું પારણું ઝુલાવી કૃષ્ણજન્મોત્સવને વધાવ્યો હતો. સૌ તાલીમાર્થીઓએ ''નંદ ઘેર આનંદ ભયો-જય કનૈયાલાલ કી'' ના નાદ સાથે કૃષ્ણજન્મોત્સવને આનંદ અને ઉત્સાહથી મનાવ્યો હતો.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં JCI કલબ, બારડોલી દ્વારા પ્રત્યાયન કૌશલ્ય વિષય પર તાલીમ અને સંસ્કૃત દિનની ઉજવણી અને વિવિધ કાર્યક્રમોનું આયોજન આચાર્ય ડો. કિન્નરીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. JQAC અંતર્ગત યોજાયેલ તાલીમી કાર્યક્રમમાં સૌ પ્રથમ ડૉ. કિન્નરીબેન પટેલે સૌ મહેમાનોને આવકાર્યા હતા. જે.સી. શ્રી અનંતભાઈ જાવલે કલબના સૌ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. કલબના પ્રમુખ રૂપલબેન શાહે નેશનલ ટ્રેઈનર તરીકે તાલીમાર્થીઓનો તથા બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓને LCD પ્રોજેકટર દ્વારા બે કલાક સુધી વિવિધ પ્રવૃતિઓ કરાવીને પ્રત્યાયન કૌશલ્ય વિશેની ખુબ સુંદર તાલીમ આપી હતી. કાર્યક્રમને અંતે આભારવિધિ પ્રા. કનુભાઈ સ્વાગીયાએ તથા સંચાલન પ્રા. ડો. મીનાબેન પરમારે કર્યું હતું. અક્ષરપૂર્ણિમાના દિવસે ઋગ્વેદની રચના થયેલી છે તેથી કોલેજમાં આ દિવસની સંસ્કૃત દિન તરીકે ઉજવણી કરવામાં આવી હતી. સંસ્કૃતના પ્રા. ધીરેનભાઈ મૈસુરીયાએ સંસ્કૃત ભાષામાં વેદો, ઉપનિષદો તથા પ્રસિધ્ધ સાહિત્યકાર કાલિદાસ વિશે માહિતી આપી હતી ત્યારબાદ તાલીમાર્થીઓ દ્વારા સંસ્કૃતમાં પ્રાર્થના, મધુરાષ્ટક, સાહિત્યકારો વિશે વકત્વય, શ્લોકગાન, ઉખાણાં, કાવ્યગાન, નાટક જેવી વૈવિધ્ય સભર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આભારવિધિ પુરોહિત કામિનીબેને તથા સંચાલન ગામિત સફીરાબેને કર્યું.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી. એડ્. કોલેજ, સુરતમાં તારીખ ૨૩/૮/૧૪ના રોજ કવિશ્રી નર્મદની જન્મજયંતી અને ગુજરાતી દિવસની ઈજવણી કરવામાં આવી હતી. પ્રાર્થના, સ્વાગત ગીત, નર્મદનું જીવન કવન, ગરબા, અને ''જય જય ગરવી ગુજરાત'' લોકગીત વગેરે વિશેષ કૃતિઓ તાલીમાર્થીઓ એ રજૂ કરી હતી અને આભાર વ્યકત કર્યો હતો. તથા સ્વાતંત્ર પર્વ પ્રસંગે કોલેજના માનદ્મંત્રીશ્રી મનહરભાઈ ચૌહાણ પ્રિ.કમલેશભાઈ ડામોર અને શ્રેયસ હાઈસ્કૂલના આચાર્યશ્રી મનોજભાઈ સોનાર ઉપસ્થિત રહયા હતા. વધુમાં તા. ૧૫/૮/૧૪ના રોજ જન્માષ્ટમીની ઉજવણી પ્રસંગે ભજન-કીર્તન અને મટકીફોડનું આયોજન કરવામાં આવ્યું હતું.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્.) સુરતમાં તા. ૨૩/૮/૧૪ના રોજ શ્રી નર્મદની ૧૮૨મી જન્મજયંતીની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓ દ્વારા ગુરુવંદના તથા નર્મદનું જીવન, કવન, નર્મદ રચિત ગીતો અને પ્રેરક પ્રસંગો, વકતવ્યો, બોર્ડ વર્ક તથા બુલેટિન રજૂ કર્યા હતાં. કાર્યક્રમનું આયોજન, અને માર્ગદર્શન પ્રા. નીતાબેન મોહિતે તથા પ્રા.હેતલબેન પટેલે કર્યુ હતું. અને કાર્યક્રમનું સંચાલન પેંચીવાલા હેતવી, અને આભારવિધિ ચૌહાણ સેજલે કરી હતી.

## વૃક્ષારોપણ

બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા.૧૪/૮/૧૪ના રોજ ગાયત્રી પરિવાર બારડોલી તથા કોલેજના ઈકો કલબ અંતર્ગત ગાયત્રી પરિવારની બહેનો દ્વારા શાસ્ત્રોકત વિધિથી કોલેજના પટાંગણના વિવિધ વૃક્ષો રોપવામાં આવ્યાં હતાં. સાથે-સાથે

ઈકો કલબ અંતર્ગત આર્યુવેદિક ઔષધિને લગતા ફૂલ-છોડ રોપી ઈકો ગાર્ડન અર્થશાસ્ત્ર મંડળના તાલીમાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. ભારત એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલના શુભ હસ્તે સૌ પ્રથમ વૃક્ષારોપાણ કરવામાં આવ્યું હતુ. સાથે ટ્રસ્ટના સંચાલિત એમ. એડ્. કોલેજ તથા બી.સી.એ. કોલેજનાં અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહપૂર્વક જોડાઈને વૃક્ષો રોપ્યા હતા અને તેનું જતન કરવાની ખાતરી પણ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા ઈકો કલબના અધ્યક્ષ પ્રા. મનાલીબેન દેસાઈએ કર્યું હતું. સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ દેશભકિત ગીતોની કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં સૌ તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે પ્રા. ઉમેશભાઈ પટેલ તથા પ્રા. પલ્લવીબેન પટેલે સેવા આપી હતી. સંચાલન તાલીમાર્થીની પીઠાવાલા ફિરંગીશે તથા આભારવિધિ ચૌધરી આરાધનાએ કરી હતી.

## એન.એસ.એસ.



આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાનો જીલ્લા કક્ષાનો ત્રણ દિવસનો નિવાસી વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેમાં તાપી જીલ્લાની કોલેજ અને હાઈસ્કૂલના તથા ડાંગ જીલ્લાની કોલેજમાંથી એન.એસ.એસ.ના સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ.હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ મહેમાનોને આવકારી એન.એસ.એસ. દ્વારા યુવાશકિતનો રચનાત્મક માર્ગે ઉપયોગ કરી શકાય છે અને તે દ્વારા રાષ્ટ્ર અને સમાજ ઘડતરની પ્રવૃતિ થઈ શકે છે એમ જણાવ્યું હતું. ઉદ્ઘાટન સમારંભના અધ્યક્ષ અને બારડોલી કોલેજના આચાર્ય અને સિન્ડીકેટ સભ્ય શ્રી ડૉ. વિનોદભાઈ પટેલે આ પ્રસંગે શિબિરાર્થીઓ માટે આ શિબિર જીવનમાં ખૂબ ઉપયોગી નિવડશે તથા એન.એસ.એસ. નો સ્વયંસેવક ફળની અપેક્ષા વિના કાર્ય કરતો હોય છે અને તેને જ સાચી સમાજસેવા કહી શકાય છે એમ જણાવ્યું હતું. સમારંભના મુખ્ય મહેમાન તથા બુહારી કોલેજના આચાર્યશ્રી ડૉ. જ્યંતિભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે એન.એસ.એસ. દ્વારા વ્યકિતત્વ વિકાસ અને નૈતિક મૂલ્યો કેળવી શકાય છે. પૂર્ણાહૂતિ સમારંભના અધ્યક્ષ કુલસચિવ શ્રી ડૉ. જે. આર. મહેતાએ એન.એસ.એસ. યુવાનોમાં સમાજસેવા અને રાષ્ટ્રસેવાના ગુણો કેળવે છે એટલુ જનહીં એન.એસ.એસ. દ્વારા નેતૃત્વના ખ્યાલો પણ કેળવી શકાય છે જે વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં ખૂબ જ ઉપયોગી થઈ શકે છે એવો ખ્યાલ રજૂ કર્યો હતો. વ્યારા કોલેજના ઉપપ્રમુખ શ્રી અજયભાઈ શાહ અને ડૉ.એ.એન માલવિયાએ અને.એસ.એસ.ની પ્રવૃતિ યુવાનોને સ્માજસેવા સુધી લઈ જાય છે તથા યુવાશકિત જ શકિતશાળી ભારતનું નિમાર્ણ કરે છે એમ જણાવ્યું હતું. ત્રણ દિવસની શિબિર દરમ્યાન અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવી હતી. ભાણાવાડીના ગૌચર જમીનમાં તાપી જીલ્લાના કલેકટરશ્રી રંજીથકુમાર, સામાજીક વનીકરણ સુરતના ડી.એફ.ઓ. શ્રી નૈયરની ઉપસ્થિતિમાં શિબિરાર્થીઓ દ્વારા ચાર હજાર જેટલા સાગના રોપા રોપવામાં આવ્યાં હતાં. શિબિર દરમ્યાન શ્રમ કાર્ય ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫ જેટલા રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. આ ઉપરાંત તાપી જીલ્લાની મહિલા સરપંચ ધરાવતી બે સમરસ ગ્રામ પંચાયતોની મુલાકાત લઈ ગામમાં ગ્રામ સફાઈની પ્રવૃતિ હાથ ધરવામાં આવી હતી. શિબિર દરમ્યાન જુદા જુદા વિષય પર વ્યાખ્યાનો, વિવિધ સ્પર્ધાઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. કૉલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસરોના અથાગ પ્રયાસોથી આ શિબિર સફળ થઈ હતી. આ ઉપરાંત રોટરી કલબ અને ઈનવ્હીલ કલબ અને ઈનવ્હીલ કલબ વ્યારા પણ સહભાગી બન્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. રાજશ્રીબેન જોશીએ કર્યું હતું. શિબિરના અંતે મહેમાનોના વરદ્હસ્તે શિબિર અને સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને અને ઈનામ એનાયત કરવામાં આવ્યા હતા.

(બ) શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં તા.૧૨/૮/૧૪ના રોજ પ્રિ. ડૉ.જે.એમ. નાયકના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. ના ઉપક્રમે વલસાડ રકતદાન કેન્દ્રના સહયોગથી રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કુલ ૫૫ બ્લડ યુનિટ રકત એકત્રિત થયું હતું. ડૉ. દક્ષા ઠાકોરે તથા એન.એસ.એસના સ્વયંસેવકોએ દરેક વર્ગખંડોમાં જઈને રકતદાન માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા અને રકતદાન કરવા અપીલ પણ કરી હતી. કાર્યક્રમની શરૂઆત આચાર્યશ્રી, વલસાડ રકતદાન બેંકના પ્રતિનિધિઓ તથા સ્વયંસેવકોના પ્રતિનિધિઓ દ્વારા દીપ પ્રાગટયથી થઈ હતી. આચાર્યશ્રીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં યુવાન વિદ્યાર્થી રકતદાતાઓને માનવતાના કાર્યમાં જોડાવા અનુરોધ કર્યો હતો. પ્રોગામ ઓફિસરો શ્રી વી.આર.ચાંપાનેરી તથા પ્રા. એમ. એ. મુલ્લાએ પૂરક કામગીરી કરી શિબિરની વ્યવસ્થા સંભાળી હતી. તમામ સ્ટાફમિત્રોએ આ શિબિરમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને રકતદાન કરવા ઉત્સાહિત કર્યા હતા. પ્રા. કે.સી.પટેલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ. ના સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું.તદ્પરાંત એન.એસ.એસ. યુનિટના પાંચ વિદ્યાર્થીઓ શ્રી વિતાન વોરા, કુ.સોનલ પ્રજાપતિ, કુ.કલ્યાણી અશોકભાઈ, કુ.સોનુ પ્રજાપતિ તથા કુ.ઝીલ દેસાઈએ એસ.એસ. અગ્રવાલ કોલેજ, નવસારી ખાતે તા.૧૬/૮/૧૪ થી તા.૧૮/૮/૧૪ દરમ્યાન યોજાયેલ ઝોનલ કક્ષાના ત્રિદિવસીય એન.એસ.એસ. કાર્યશિબિરમાં ભાગ લીધો હતો. પ્રોગ્રામ ઓફિસર તરીકે ડૉ.દક્ષાબેન ઠાકોરે એમની સાથે શિબિરમાં ભાગ લઈ એમને પ્રોત્સાહિત કર્યા હર્તા હતા. આ સ્વયંસેવકોએ આ ત્રણ દિવસો દરમ્યાન શ્રમકાર્ય મુલાકાત, નાસ્તા વિતરણ જેવા કાર્યક્રમોમાં તથા આ દિવસો દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં સફળતાપૂર્વક વિજેતા જાહેર થઈ. કુ. કલ્યાણી અશોકભાઈ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે, કાવ્યપઠન અને વાતલિખનમાં દ્વિતિય ક્રમે તથા કાવ્યલેખન અને કુ. સોનાલી પ્રજાપતિ સાથે કવીઝ સ્પર્ધામાં તૃતીય ક્રમે કુ. સોનાલી પ્રજાપતિ શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં તૃતીય ક્રમે વિજેતા જાહેર થયા હતા. કુ. સોનુ પ્રજાપતિ અને શ્રી વિતાન વોરાની પ્રી. આરડીસી પરેડ માટે પસંદગી થઈ હતી. આ તમામ વિદ્યાર્થીઓ હવે રાજ્યકક્ષાના શિબિરમાં ભાગ લેવા અમદાવાદ જશે.

## વ્યાખ્યાન

(વ્યા) ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ. એડ), સુરતમાં તા. ૨૫/૭/૧૪ના રોજ યુગાન્ડામાં પ્રાથમિક શિક્ષણ અને હાલમાં (Ph.D Scholar), શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના Pamela Nizeyimana એ

Education in Uganda વિષય પર વ્યાખ્યાન આપ્યું. તેમનુ પુષ્પગુચ્છથી સ્વાગત ઈ. ચા. આચાર્યા નિહારીકાએ કર્યુ હતું. તેમનો પરિચય ડૉ. સ્નેહલતાએ આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ પ્રા. જીગ્નેશ દ્વારા કરવામાં આવી હતી. તદ્‌ઉપરાંત તા. ૪/૮/૧૪ના રોજ વી.ટી.ચોકસી કોલેજ ઓફ એજ્યુકેશન, સુરતના આચાર્ય ડૉ. વિનોદભાઈ પટેલનું 'અસ્તિત્વવાદ' વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. વકતાનું પુષ્પગુચ્છથી સ્વાગત ઈ.ચા. પ્રિ નિહારીકાએ કર્યુ હતું. તેમનો પરિચય ડૉ. રાજેશે આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન ટેલર પ્રિયંકાએ અને આભારવિધિ વશી અવનીએ કરી હતી.

શ્રી સર્વોદય શિક્ષણ મંડળ સંચાલિત, બી.એડ્. કોલેજ, સુરતમાં તા. ૧૧/૮/૧૪ રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, શિક્ષણ વિભાગના એસોસિયેટ પ્રોફેસર ડૉ. રાજેન્દ્રભાઈ બી. પટેલે 'પ્રવર્તમાન સમાજ અને આવતીકાલનો શિક્ષક' વિષય પર વકતવ્ય રજૂ કર્યુ હતું. જેમાં સમાજની સાંપ્રત સ્થિતિ અને ભાવિ શિક્ષકની જવાબદારી વિષે વિશદ્ ચર્ચા કરી હતી. આભાર વિધિ પ્રિ. કમલેશભાઈ ડામોરે કરી હતી.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ ખાતે ટી.વાય.બી.કોમ.ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માગદર્શન અંગે એક વ્યાખ્યાન યોજાઈ ગયું. આ વ્યાખ્યાનની શરૂઆત કરતાં પ્રિ.ડૉ.જે.એમ.નાયકે વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યુ હતું કે આપણા દેશમાં બેરોજગારીની વાતો થાય છે. પરંતુ હકીકતમાં ઉદ્યોગ જગતને તેવાં કૌશલ્ય ધરાવનારા માણસો મળતાં નથી. આથી વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દી વિશે વિચારે તેમજ પોતાનું કૌશલ્ય વધારે તે ખૂબ જરૂરી છે તેના ભાગરૂપે આજે વાપીની રજ્જુ શ્રોફ ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ ઈન્ચાર્જ ડાયરેકટર ડૉ. પંકજરાય પટેલ તેમજ માર્કેટીંગ વિષય ફેકલ્ટી મેમ્બર ડૉ.કેદારભાઈ શુકલા દ્વારા સીમેટ પરીક્ષા અંગે તેમજ એમબીએમાં કારકિર્દી બનાવવા અંગે વિશદ્ ચર્ચા થઈ હતી. બંને મહાનુભાવોએ સીમેટનાં ઓનલાઈન રજીસ્ટ્રેશનની કાર્યવાહી અંગે, ફી માળખા તથા પરીક્ષામાં પૂછાતાં પ્રશ્નોનાં માળખા વિશે વિગતવાર માહિતી આપી હતી. તેઓએ સીમેટ પરીક્ષા અંગેની તૈયારી કરાવવા માટે ફ્રી માં તાલીમ આપવાની પણ તેમની સંસ્થા દ્વારા તૈયારી બતાવી હતી. આ કાર્યક્રમનું સંચાલન પ્રા.એમ.એ.મુલ્લાએ કર્યુ હતું. તા.૯/૮/૧૪ના રોજ આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકના માર્ગદર્શન હેઠળ ચાલતા વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે 'સ્ત્રી સશકિતકરણ' પખવાડિયાના ભાગરૂપે વિદ્યાર્થીઓને બહેનોની સલામતી તથા વિકાસને લગતા કાયદાઓ અંગે માહિતી આપતા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિષય ઉપર વિસ્તૃત માહિતી અસ્તિત્વ સંસ્થા સાથે જોડાયેલા એડવોકેટ શ્રીમતી અર્ચનાબેન દેસાઈ દ્વારા આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને વકતાશ્રીનો પુસ્તકપુષ્પથી આવકાર ડૉ. દક્ષા ઠાકોરે કર્યો હતો.

ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરત ખાતે "શિક્ષિત મહિલા શિક્ષણ, સર્જન અને સશકિતકરણ"ના વિષય ઉપર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક ડૉ. પન્ના ત્રિવેદીનું પ્રવચન યોજાયું. આચાર્ય ડૉ. અશોક દેસાઈએ સૌનું સ્વાગત કર્યુ અને સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે, "જે દિવસે સ્ત્રીઓ પોતાના નાણાંનું આયોજન પોતે કરતી થઈ જશે અને અન્યાય સહન ન કરશે" તે દિવસથી આવા કાર્યક્રમની જાગૃતિની જરૂરીયાત ઓછી થઈ જશે. વકતા ડૉ. પન્નાબેન ત્રિવેદીએ સર્જન, સ્ત્રી શકિતની રજૂઆત ઉદાહરણ સહિત ખૂબ સરસ રીતે કરી છે. આભારવિધિ પ્રા.સૂર્યદેવ યાદવે અને કાર્યક્રમનું સંચાલન કુ.પંડિત શાહે કર્યુ હતું. વીમેન એમ્પાયર કમીટીના અધ્યક્ષ ડૉ. રીટા ત્રિવેદીએ વકતાનો પરિચય આપ્યો હતો.

ધી સુરત ડીસ્ટ્રીક લેડી એડવોકેટ્સ એકટીવ કમિટિ અને જેસીરેટ લેડિઝ વિંગ જેસીઆઈ સુરત દ્વારા જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ. પી દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે તા.૧૨/૮/૧૪ના રોજ "Womens Excellece" Women Empowering Training Programme નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી JC દીપીકા ડાભી, અને શ્રીમતી પ્રિતી જોષી (એલ. એલ. એમ, એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ અને નોટરી) અને જેસી શીતલ શાહે ખૂબ જ રસપ્રદ વાતો સમજાવી હતી.

દીપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સ, ભરૂચમાં શ્રીમતી અનીતા રાણા (એચ.ઓ.ડી., નર્મદા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ, ઝાડેશ્વર) નું બિઝનેસ એડમિનિસ્ટ્રેશન વિષય પર ગેસ્ટ લેકચર યોજાઈ ગયું. જેમાં તમણે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિષય સંબંધિત માહિતી આપી હતી.

ઍમિટી બી.એડ્.કોલેજ, ભરૂચમાં જીલ્લા શિક્ષણાધારીશ્રી આર. જે. માછી દ્વારા ભાવિ શિક્ષકોને જીલ્લા શિક્ષણધિકારીશ્રીના કાર્યો અને ફરજો અંગે વિસ્તારથી માહિતગાર કરવામાં આવ્યા હતા. વધુમાં તેમને શિક્ષકના વ્યવસાય પ્રત્યેનું ચોક્કસ વલણ કેળવી એક સમર્થ કે નિષ્ઠાવાન શિક્ષકની જવાબદારી અને ભૂમિકા તેમજ મૂલ્યોને પ્રસ્થાપિત કરવા માટે શિક્ષકો પાસે રખતી અપેક્ષાઓ તરફ ધ્યાન દોર્યું હતું.

તા. ૨૬/૮/૧૪ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજ્યુકેશન, માંગરોલ ખાતે હર્ષદભાઈ શાહે તેમના વ્યાખ્યાનમાં જણાવ્યું કે, શિક્ષકના વિવિધ નામોના અર્થ તેમજ કેવા શિક્ષક હોવા જોઈએ તે અંગે તાલીમાર્થીઓને વાત કરી હતી. તેમણે ચિલ્ડ્રન યુનિ.માં ચાલતી વિવિધ પ્રવૃતિઓ વિશે વાત કરી હતી તેમજ ઉત્તમ મનુષ્યના નિર્માણ અંગેની વાત કરી હતી. ડૉ. હિરલ એમ. બારોટે પોતાના વકતવ્યમાં તાલીમાર્થીઓને માઈક્રોટીચીંગના વિવિધ કૌશલ્યોની સમજ આપી સીમ્યુલેશન તરફ માહીતગાર કર્યા હતાં. આ કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીઓ ગોહિલ દિશાબેન તેમજ રાવલજી પ્રિયંકાબેન કર્યુ હતું. જ્યારે આભારવિધિ વાઈબ્રન્ટ વેવ એકેડમીના પ્રો. શ્રી બી. એસ. પરમારે કરી

બી.કે.એમ. સાયન્સ કોલેજ, વલસાડ ખાતે સ્ટુડન્ટ એનરીચમેન્ટ પ્રોગ્રામ હેઠળ એમ.એસ.સી વિદ્યાર્થીઓ માટે તા.૨૬/૮/૧૪ના રોજ ઈન્ડસ્ટ્રીયલ વિષય ઉપર અતુલ પ્રોડકટસ લી.ના પૂર્વ સેફટી હેલ્થ, એનવાયરમેન્ટ કલર ડીવીઝનના મેનેજરશ્રી રજનીભાઈ એમ. દેસાઈએ ઉદ્યોગમાં વપરાતા જુદા જુદા સિલીન્ડરોને વાપરવાની રીતો પર વ્યાખ્યાન આપ્યું હતું. આચાર્યશ્રી ડૉ. વિકાસભાઈ દેસાઈ તથા નૂતન કેળવણી મંડળના ડાયરેકટરશ્રી ડૉ. સુનીલભાઈ મરજાદીએ પ્રાસંગીક ઉદબોધન કર્યુ હતું. કાર્યક્રમનું આયોજન ડૉ. જયેશભાઈ દેસાઈ તથા પ્રાધ્યાપકોએ કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ પ્રા. ડૉ. વિજયભાઈ ચાંપાનેરીએ કર્યુ હતું.

## તાલીમ

બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં વુમનસેલ અંતર્ગત સ્ત્રી-સશકિતકરણને કેન્દ્રમાં રાખીને સ્વરક્ષણ વિષય પર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. શરૂઆતમાં આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલે આમંત્રિત મહેમાનોને આવકારી વુમનસેલ અંતર્ગત પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યુ હતું. ત્યારબાદ બહેનો સ્વરક્ષણ કરી શકે માટેના કેટલાક કરાટેના દાવો શ્રી ઋષિરાજ પારેખ,શ્રી પ્રેમનારાયણ પાંડે તથા શ્રી તારક યાદવે ભગિની સંસ્થા એમ.એડ્. તથા બી.સી.એ.ની બહેનો પણ કાર્યક્રમમાં જોડાઈ હતી. આભારવિધિ પ્રા.ડૉ.મીનાબેન પરમારે તથા સંચાલન પ્રા.પલ્લવીબેન પટેલે કર્યુ હતું.

## વાંચન વિશેષ

**નૃસિંહ મહેતાના જીવનનાં સ્મરણો**

સંપાદકઃ બાપુભાઈ જાદવરાય વૈષ્ણવ

જુનાગઢઃ શ્રી નરસિંહ મહેતાના ચોરા સમિતિના વ્યવસ્થાપક. ૧૯૪૦. પૃ.૨૧૫ રૂા. ૧-૦૦.

ગુજરાતના ઘણા વિદ્વાન લેખકો, સંશોધકેએ નરસિંહ મહેતા સંબંધમાં લખ્યું છે. નભોવાણી (Radio) ના જમાનામાં નૃસિંહ મહેતા વિષે લખવું એ સાહસનું કામ છે. તેમાં પણ જ્યારે અર્ધી સદી કરતાં પણ વધારે સમયથી ગુજરાતના પ્રખર વિદ્વાનો અને વિદ્યાવિલાસીઓ કોઈક કવિતાની ઊંડી તુલનાત્મક દ્રષ્ટિએ, તો કોઈક તત્વજ્ઞાનની દ્રષ્ટિએ અને કોઈક ભકિતજ્ઞાનની દ્રષ્ટિએ એમ વિવિધ રીતે ભકત કવિ નરસૈંયા વિષે લખી ગયા છે અને વિવેચન કરી ચૂકયા છે, ત્યારે એવી કંઈક માર્મિક તત્વ દર્શાવતી કલાના સંધાન વિના, નૃસિંહ મહેતાની દૈવી તસ્વીરનું આલેખન આ ગ્રંથમાં છે.

આ ગ્રંથ પ્રગટ કરવાના ઉદ્દેશને વર્ણવતાં પ્રસ્તાવનામાં નોંધ છે, કે, ''ઈતિહાસના ચોકકસ સંયોગ જીવતા જાગતા અનુભવવા હોય, ચારિત્ર્યનું ઘડતર પુનઃ થાય એવા પ્રયત્ન આદરવા હોય, તો એતદર્શીય ઈતિહાસનાં પાનાંનું, આદર્શ ચરિત્રોનું, વારંવાર સ્મરણ કરી કરાવી, પૂજન થવું જોઈએ, એટલું જ નહિ : જે તે-'આદર્શ'-વીર નરો, ભકતો, સંતો, મહાજનોએ, દેશને અનેકધા ઉજાળ્યો તેનાં સત્વોનું આવાહન કરી તે પવિત્ર સત્વો આપણને ઉન્નત પંથે પ્રેરે, અને આપણા 'જીવનકલહ'માં આપણને આગળને આગળ જવામાં બળ આપે, એમ વિધવિધ રીતે તેમનાં ઉચ્ચ જીવનનું સ્મરણકીર્તન થવું જોઈએ અને તેણે પાડેલી અમર પગથી પર આપણે પ્રયાણ કરવું જોઈએ, જૂનુંજૂનું સંભાર્યા કરવું એમાં દોષારોપણ સહજ થાય, પણ રહેવાનું સંભારીને જ, જૂનાનાં યશોગાન ગાઈને જ બેસી રહેવાનું થાય તો ખરેખર જ 'સ્મરણ', તે 'આલેખન' અફળ જ રહે. જ્યારે વિજ્ઞાનના વિજળીક ઝડપી જમાનામાં 'નવું નવું' જીવનના સર્વ પ્રદેશોમાં રચાવા માંડયું છે ત્યારે નવીન રચનામાં જૂનાના નગદ ભાગને સ્થાન મળવું જોઈએ. 'જૂના' અને 'નવા'નો ગંગા-યમૂનાના સંગમ જેવો સંગ રચાવો જોઈએ; અને જે લક્ષ્ય મનુષ્ય જીવનનું સર્વમાન્ય છે તે સાધ્ય કરવામાં જૂના ને જૂના તરીકે ત્યાજય ન ગણતાં નવા સાથે સુરેખ આપે એમ કરવું એજ 'યુગધર્મ' છે.

'દિવ્યપ્રભા' શીર્ષક નીચે શ્રી આનંદશંકરભાઈ જન્મજન્માંતર પર પ્રકાશ પાડતાં અંગ્રેજ કવિ વર્ડસવર્થની ગૂઢ તત્વદર્શક પંકિતઓ ટાંકે છે, અને તેજ પ્રમાણે નરસિંહ મહેતાનું અલૌકિક જીવન ચોકકસ દેશ કાળને માટે ઘડાયું. 'બુધ્ધ' જેવા મહાત્માઓને માટે પણ આવી જન્મ જન્માંતરની કથાઓ 'ભકતમાલા'માં છે, અને તેમાં આવી જ તૈયારીની ઘટના ઘટતી એ તત્વનો ઉલ્લેખ થયેલો છે. "Our birth is but a sleep and a foregetting. The soul that rises with us our life's star, Hath had elsewhere its setting And cometh from afar." (આપણો ધર્મ. પૃ. ૧૦૨)

આપણા સુરત સંબંધમાં આ ગ્રંથમાં નોંધ છે કે :

''શહેર સુરતમાં શેઠ એક હતો ધરમનો પરમ વિવેક;
બન્ને માછવામાં બેસીને ગયા ગાય ચાલી તેને કેડે થયા;
આવી ટેકરી બે જળે ત્યાંહી ઉપર જઈને ઊભી રહી;
આવે સ્તનમાંથી દૂધની ધાર તે ઠેકાણે ઘણી તે વાર;
દૂધ સ્ત્રવી રહયું જ્યારે ગાય પછી વળી ઘેર ત્યારે; (પૃ.૪૦)

આ ગ્રંથમાં ૧). ગિરનારની તળેટી, ૨). નાગરોનો ભ્રમણકાળ, ૩). પરાપૂર્વના સંયોગ, ૪). જનમના જોગી, ૫). તપ અને સાધના-દિવ્યદર્શન, ૬). દિવ્યદર્શન પછી ભૂતલ પર, ૭). ગૃહ જીવન પ્રસંગો, ૯). નરસિંહ મહેતાનાં કાવ્યો, પદો ઉપર ઉડતી નજર, ૧૦). ગુજરાતના જૂના અને નવા યુગના વિદ્વાનોને થએલું નરસિંહ મહેતાનું દર્શન, ૧૧). નરસિંહ મહેતાનો 'ભકિત યોગ' અને 'જ્ઞાન-યોગ', ૧૨). જુનાગઢમાં નરસિંહ મહેતાનો ચોરો, તથા ૧૩). નરસિંહની સંત-વાણી પ્રકરણો પ્રસ્તુત થયેલાં છે. આ ગ્રંથમાં ૧). રાસ-ચોરો (જુનાગઢ), ૨). શ્રી દામોદર રાયજી અને શ્રી નરસિંહ મહેતાની મૂર્તિ, (જુનાગઢ), ૩). દામોદર કુંડ અને ગિરનારનો દેખાવ, ૪). કિશનગઢવાળું શ્રી નરસિંહ મહેતાનું ચિત્ર, ૫). ગોપનાથ મહાદેવનું મંદિર, ૬). શ્રી નરસિંહ મહેતાની નિશાળ (તળાજા), ૭). 'નવનારી કુંજ', તથા ૮). શ્રી નરસિંહ મહેતાનો ચોરો (મકાનનો દેખાવ)ના ચિત્રો પણ પ્રસ્તુત કરવામાં આવેલ છે. તદપરાંત આ ગ્રંથની રચના માટે ઉપયોગમાં લેવામાં આવેલાં ૪૯ જેટલાં પુસ્તકોની સૂચિ પણ પ્રાપ્ય છે જે સંશોધકોને અતિ ઉપયોગી નીવડશે.

નરસિંહ મહેતાના જીવન-કવનને જાણવા ઈચ્છતા વાચકો તેમજ સંશોધકોને પણ ૧૯૪૦માં પ્રસિધ્ધ થયેલ આ પુસ્તક અતિ ઉપયોગી નીવડશે, જે યુનિવર્સિટી ગ્રંથાલયના 'અલભ્ય કક્ષ'માં સંગૃહિત છે.

ડૉ. જે.આર. મહેતા
કુલસચિવ


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com